Shree Ghoghari Lohana Mahajan Mumbai

PRICE ₹ 5

(પબ્લીક ટ્રસ્ટ રજી. ન. એ-૧૫૮૬ -બી)

# શ્રી ઘોઘારી લોહાણા સંદેશ

શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈનું મુખપત્ર

તંત્રી : શ્રી અષ્ટકાંત હરીલાલ સુચક

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : +૯૧ ૯૯૮૭૨૪૦૪૦૪

ફોનઃ +૯૧-૨૨-૨૬૨૮૩૭૧૫ - Email : secretary@sglm.in - Website : www.sglm.in

Vol. No. 1 Issue No. 2 OCTOBER - 2015 મંગળવાર, ૧૩ ઓક્ટોબર ૨૦૧૫, આસો સુદ - ૧

## તંત્રી સ્થાનેથી

આપણા સમાજના મુખપત્રનો બીજો અંક આપની પાસે પહોંચશે ત્યારે દિવાળીના તહેવારો આપણા બારણે ટકોરા મારી રહ્યા હશે. સર્વ જ્ઞાતિજનોને દિવાળીના તહેવારોની ખુબ ખુબ શુભેચ્છાઓ તથા કારતક સુદ એકમથી શરૂ થતું નવું વર્ષ બધાને ખૂબ ફળદાયી નીવડે તેવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના.

આપણા સમાજના મુખપત્રના પ્રથમ અંકને ખૂબ સુંદર ઉમળકાભર્યો આવકાર મળ્યો છે.

આપણું મુંબઈ ખાતેનું ઘોઘારી લોહાણા મહાજન તથા ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ જ્ઞાતિના ઉત્કર્ષના કાર્યો માટે ખૂબજ જાગૃત છે. જરૂરીયાતમંદવાળાને મેડીકલ તથા શિક્ષણ સહાય મળી રહે, આપણા સમાજના કોઈ પણ વિદ્યાર્થી ભાઈ બહેન નાણાકીય તકલીફના કારણે ઉચ્ચ શિક્ષણથી વંચીત ન રહે તે માટે મહાજનના મોવડીઓ સતત જાગૃત રહ્યા છે. સમાજના ભાઈબહેનો પણ પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા સતત પ્રોત્સાહન આપતા રહે તેવી અપેક્ષા. જરૂરીયાતમંદ ભાઈ-બહેનોને વધારેમાં વધારે ઉપયોગી થઈ શકાય તે માટે સમાજના બધા જ શ્રેષ્ઠીઓએ આગળ આવીને મહાજનના સકારાત્મક સત્કાર્યોમાં સંપૂર્ણ સાથ સહકાર આપવો જોઈએ.

મુંબઈ બહાર વસતા ઘોઘારી સમાજના ભાઈ બહેનોની તકલીફ વખતે આપણા સમાજના શ્રેષ્ઠીઓ તથા ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ હંમેશા તેમને સહાય રૂપ થવાની તત્પરતા બતાવી છે.

**નોંધ**

**દાંડીયા રાસ, અનાજ વિતરણ, દિવાળી મિઠાઈ તેમજ આપણા સ્નેહમિલનની વિગતો પાના નંબર ૪ અને ૫ માં આપેલ છે. જે અલગથી મોકલવામાં નહી આવે.**

## શ્રી ઘોઘારી લોહાણા સમાજનું ગૌરવ



આપણાં મહાજનના ટ્રસ્ટી તથા ઘોઘારી મહિલા સમાજના પ્રમુખ શ્રીમતી રશ્મીબેન વિઠલાણીની શ્રી લોહાણા મહાપરિષદના મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગીય મહિલા અધ્યક્ષ પદે નિમણુંક થવા બદલ અમો હર્ષ અનુભવીયે છીએ અને તેમને અભિનંદન આપીએ છીએ.

## સ્ટાર્ટઅપ ઘોઘારી સ્ટેન્ડ અપ ઘોઘારી

આપણી પરંપરા મુજબ ૧૫મી ઓગસ્ટના રોજ ધ્વજવંદનનો કાર્યક્રમ આપણી વાડીમાં યોજેલ હતો. જેમાં મહાજનના પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. આ પ્રસંગે આપણા ટ્રસ્ટીઓ, ઓફિસ બેરર ઉપરાંત કારોબારી સભ્યો તથા લોહાણા ભુવન સોસાયટીના રહેવાસીઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન આપણા પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીએ તેજ દિવસે ભારતના પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલ **''સ્ટાર્ટઅપ ઈન્ડીયા- સ્ટેન્ડ અપ ઈન્ડીયા''** જેવી સ્કીમની યોજના **''સ્ટાર્ટઅપ ઘોઘારી સ્ટેન્ડ અપ ઘોઘારી''** ની રજુઆત કરેલ. જેમાં આપણી જ્ઞાતિના કોઈપણ સભ્યને ગૃહઉદ્યોગ કે બીજા નાના ઉદ્યોગોની શરૂઆત કરી અને પગભર થવા બેંકમાં લોન માટે કરેલ માંગણી વખતે ભરવું પડતું મારજીન (**સીડ કેપીટલ**) માટે શેઠ ખીમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટના નિયમોને આધીન વગર વ્યાજે રૂા. ૫ લાખ સુધીની વધુમાં વધુ લોન આપવામાં આવશે. જે પાંચ વર્ષની અંદર પરત કરવાની રહેશે. આ માટે વાર્ષિક રૂા. ૨૫ લાખના ભંડોળની ફાળવણી કરાઈ છે.

# શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈના સભ્યોની વાર્ષિક સામાન્ય સભા

આપણા મહાજનની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૦-૯-૨૦૧૫ને રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે મહાજન પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીના પ્રમુખ સ્થાને મળી હતી.

સૌ પ્રથમ માનદ્‌મંત્રી શ્રી જતીનભાઈ પોપટે સર્વે ઉપસ્થિત સભ્યોનું સ્વાગત-અભિવાદન કર્યું હતું.

ત્યારબાદ દિવગંત કારોબારી સભ્ય શ્રી ભુપેન્દ્રભાઈ પોપટને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

માનદ્‌મંત્રી શ્રી પ્રકાશભાઈ મગદાણીએ ગત સામાન્ય સભા તા. ૨૧-૯-૧૪ની મીનીટસનું વાંચન કર્યું હતું તથા વર્ષ ૨૦૧૪-૧૫ સુધીના મહાજનશ્રીના વાર્ષિક અહેવાલની રજુઆત કરી હતી. જેને બહાલી અપાઈ હતી.

મહાજનશ્રીના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કરે વર્ષ ૨૦૧૪ - ૨૦૧૫ના ઓડીટેડ હિસાબોની રજુઆત કરી હતી. અને તેમણે જણાવ્યું હતું કે મહાજનશ્રીના મુખ્ય ૩ ઉદેશ્યોમાં આર્થિક સહાયમાં વર્ષ ૨૦૧૩-૨૦૧૪ કરતા ૨૦૧૪-૨૦૧૫માં ૫૨ ટકાનો, તબિબી સહાયમાં ૬૭ ટકાનો તથા શિક્ષણ સહાયમાં ૭૨ ટકા સુધીનો વધારો થયો છે.

ચેરમેન શ્રી કુણાલભાઈ વજાણીએ ટ્રસ્ટ બોર્ડ તથા મેનેજીંગ કમિટીની જોઈન્ટ મીટીંગમાં પસાર થયેલા ઠરાવોને બહાલી આપવાની અપીલ કરી હતી. મુંબઈ ખાતે જીણા બોધાની વાડીના પ્રશ્ન માટે તથા અંધેરી લોહાણા ભુવન સોસાયટીના દરેક પ્રશ્નોના ઉકેલ માટે લીગલ કમીટીને સત્તા આપવામાં આવી હતી.

શ્રી ઘોઘારી લોહાણા મહાજન દ્વારા જુલાઈ ૨૦૧૫ થી શરૂ થયેલ **'શ્રી ઘોઘારી લોહણા મહાજન સંદેશ'** મુખપત્રમાં જેમને પણ લેખ મોકલવા હોય તેને માટે તેમને અનુરોધ કરવામાં આવેલ અને આ પત્રિકા ત્રિમાસિક રૂપે દર ત્રણ મહિને જ્ઞાતિના દરેક સભ્યોને મોકલવામાં આવશે. તેવી રજૂઆત મિડીયા કમીટીના કન્વીનર શ્રી અષ્ટકાંત સુચકે કરી હતી.

૧૫મી ઓગસ્ટના રોજ આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રજૂ કરેલ **'સ્ટેન્ડઅપ ઈન્ડીયા સ્ટાર્ટઅપ ઈન્ડીયા'**ની વિસ્તૃત માહિતી પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીએ આપી હતી અને તેજ રીતે **'સ્ટેન્ડઅપ ઘોઘારી સ્ટાર્ટઅપ ઘોઘારી'**ની શરૂઆત કરી આપણી જ્ઞાતિના સભ્યોને પગભર થવા અનુરોધ કર્યો હતો અને આ માટે મહાજનશ્રી તરફથી પુરા સહકારની ખાત્રી આપવામાં આવી હતી.

આ ઉપરાંત જ્ઞાતિના સભ્યો માટે આગામી ડિસેમ્બર મહિનામાં મેડીકલ કેમ્પ કરવામાં આવશે તેની રજુઆત કરવામાં આવી હતી તથા સામાન્ય સભાના એજન્ડાની સાથે જ મેડીકલેઈમ માટેના ફોર્મ પણ સૌ સભ્યોને મોકલવામાં આવેલ છે. તો આગામી થોડા જ સમયમાં સૌને મેડીકલેઈમ પોલીસી પણ આપવામાં આવશે.

હાયર એજ્યુકેશન મેળવતા વિદ્યાર્થીઓને વધારે એજ્યુકેશન સહાય આપવામાં આવશે.

આપણે બીજા મહાજનો સાથે મળીને વર્ષ દરમ્યાન સમુહ લગ્ન, દાંડીયારાસ, જેવા કાર્યક્રમનું આયોજન સાથે કરીશું તેવી રજુઆત શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાએ કરી હતી.

મહાજનશ્રીના જુના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે ભૂ.પૂ. હોદ્દેદારોને સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

**આ વખતે સામાન્ય સભામાં જ્ઞાતિજનોએ ખુબ જ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો જે આટલા વર્ષોની હાજરીનો એક અનોખો રેકોર્ડ હતો.**

છેલ્લે ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર માની મહાજનશ્રી દ્વારા આયોજિત ભોજન પ્રસાદનો લાભ લઈ સૌ સભ્યો છુટા પડયા હતા.

✤✤✤✤✤





# જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યો માટેના નિર્ધાર

**અનાજ સહાય:** જરૂરીયાતમંદોને અનાજ માટેની સહાય વર્ષે એકવાર શ્રી ઘોઘારી લોહાણા મહાજન દ્વારા અપાતી હતી તે હવેથી શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ દ્વારા ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના સહયોગ સાથે હર બીજે મહીને આપવામાં અપાશે.

લાભાર્થીઓને તે માટે કાર્ડ આપવામાં આવશે અને હરેક જરૂરીયાતમંદ પરિવારને દર બે મહિને અનાજની સહાય અપાશે. અનાજ સહાયના કાર્ડ મેળવવા માટે મહાજનની અંધેરી ઓફિસ પર શ્રીમતી જ્યોતીબેન વસાણીનો સંપર્ક સાધવો.

**મેડીકલ સહાય :** મેડીકલ સહાય મેળવવા પહેલા દરેક જ્ઞાતિજનને પોતાનો મેડીકલેઈમ લઈ લેવો જરૂરી છે. જેથી નાના મોટા રોગ વખતે ઈન્સ્યુરન્સ કંપની દ્વારા તેમને પૂરતી સહાય મળી રહેશે.

મેડીકલેઈમ કઢાવવા માટે પ્રીમીયમની રકમ ભરવા અસમર્થ હોય તેવા પરિવારજનોને મહાજન તરફથી પ્રીમીયમની રકમ માટે મદદ કરાશે. આ ઉપરાંત જે રોગથી જ્ઞાતિજન મેડીકલેઈમ લેતા પહેલા પીડિત હોય અને ઈન્સ્યુરન્સ કંપની તેમનો મેડીકલેઈમ આપવાની ના પાડે અથવા એ રોગને કવર ન કરે તો જે તે જ્ઞાતિજનને મહાજનની ઓફીસે આ બાબત લેખીત જાણ કરવી, જેથી તેવા કેસ માટે સહાયનું ભંડોળ ફાળવી શકાય. મેડીકલેઈમ ઈન્સ્યુરન્સ માટે દરેક જ્ઞાતિજનોને ફોર્મ મોકલવામાં આવ્યા છે. હવે પછી જે વ્યક્તિનો મેડીકલેઈમ હશે નહી તેવા પરિવારજનોને મહાજન તરફથી પણ કોઈ સહાય અપાશે નહીં.

**વૃધ્ધજનો માટે સહાય:** એકલા રહેતા જ્ઞાતિજનોને અનાજ તથા આર્થીક સહાય અપાય છે, આ ઉપરાંત કોઈ વૃદ્ધજનને પોતાની એકલતા અથવા શારીરીક તકલીફોના કારણે વૃધ્ધાશ્રમમાં દાખલ થવું હશે તો મહાજન તરફથી તેમને સંપૂર્ણ માર્ગદર્શન અને વૃધ્ધાશ્રમમાં રહેવા માટે આર્થીક સહાય પણ મળશે.

**શિક્ષણ સહાય:** મહાજન તરફથી તથા ખીમજીભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ તરફથી આપણાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને સ્કૂલ લેવલે તથા હાયર એજ્યુકેશન માટે વ્યવસ્થીત સહાય કરાય છે. ઉપલા ધોરણો તથા હાયર એજ્યુકેશન માટે રોકડ રકમ આપવાના બદલે જે તે શાળા કે કોલેજમાં ડાયરેકટ ફી ભરવામાં આવશે.

હાયર એજ્યુકેશન માટે અથવા વિદેશ ભણવા જનારા વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય તરીકે વગર વ્યાજે લોન અપાશે અને તે રકમ વિદ્યાર્થી પગભર થાય પછી ટુકડે ટુકડે સમાજને પરત કરે જેથી સમાજ પાસે શિક્ષણ સહાયનું ભંડોળ કાયમ રહે અને જ્યોત થી જ્યોત જલતી રહે તેવી ભાવના બની રહે.

આ સિવાય સમસ્ત રઘુવંશીઓને મેડીકલ માટે તથા શિક્ષણ માટે રઘુકુળ આરોગ્ય નિધી, રઘુકુળ શિક્ષણ નિધી ઉપરાંત લોહાણા મહાપરિષદ દ્વારા રચાયેલા આરોગ્ય અને શિક્ષણના નવા ટ્રસ્ટોમાંથી સહાય અપાય છે જેની વધારે વિગત સમાજના કાર્યાલય પરથી મળી શકશે.

**સ્થાવર મિલકતના પ્રશ્નો :** જીણા બોધાની આપણી વાડી ફરીથી આપણા મહાજનના કબજામાં મળી ગયેલ છે. સતિષભાઈ વિઠલાણી, કુણાલભાઈ વજાણી, અજીતભાઈ ઠક્કર, જનકભાઈ ઠક્કર તથા નીમેશભાઈ સયાણીના પ્રયત્નો થકી આ પહેલા કરાયેલા કરાર ફોક કરીને મહાજનની તરફેણમાં કરારો થઈ ગયા છે. આ માટે મહાજન લીગલ ટીમ તથા સોલીસીટર મુલ્લા એન્ડ મુલ્લા કંપનીનો તેમના માર્ગદર્શન બદલ આભાર માને છે.

અંધેરીની આપણી મહાજનવાડીના નવ નિર્માણ માટે તથા બીલ્ડર્સ અને ડેવલપર્સ મેસર્સ પ્રગતિ બિલ્ડર્સ સાથેના લેવડ દેવડનો હિસાબ પતાવવા માટે આપણી કાર્યવાહી ચાલુ છે પરંતુ આપણને આપણા મહાજનના ભૂતપૂર્વ હોદ્દેદારોનો સાથ સહકાર પ્રાપ્ત થતો નથી. સર્વ જ્ઞાતિજનો વતી આપણે એ મહાનુભાવોને નતમસ્તકે વિનંતી કરીએ છીએ કે આ બાબતનો નિકાલ લાવવા આપણે બધાં સાથે મળીને ઉકેલ લાવવાનો સંનીષ્ઠ પ્રયાસ કરીએ. જેથી જ્ઞાતિજનોનું હિત જળવાઈ રહે અને આપણા પૂર્વજોનું સ્વપ્ન સાકાર થાય.

આપણી જ્ઞાતીના ભલા માટે સ્થપાયેલા શ્રી ત્રીભોવન ગીરધર ટ્રસ્ટ જેનો વહીવટ આપણા મહાજનના પુર્વ પ્રમુખ શ્રી હીરેકભાઈ રાજ તથા પુર્વ ચેરમેન શ્રી મગનભાઈ સવાણીના હાથમાં છે. હાલમાં મહાજનને જાણ થઈ છે તે મુજબ શ્રી ત્રીભોવન ગીરધર ટ્રસ્ટે તેમની પ્રોપટી જે પાર્લા વેસ્ટમાં આવેલ છે. તેને વેચવાનો કરાર પ્રગતી બીલ્ડર્સ સાથે કરેલ છે અને તે માટે એડવાન્સ લીધેલ છે. આ તે જ બીલ્ડર્સ છે જેમણે આપણી મહાજનવાડીની પ્રોપર્ટીનો હિસાબ પુરો કરેલ નથી તેમજ કરાર પ્રમાણે પ્રોપટીનું રીડેવલપમેન્ટનું કામ હાથ પર લીધા પછી પુરુ કર્યું નથી. તો આપણા આ વડીલશ્રીઓ ને આપણે વિનંતી કરવાની કે તેમણે જે કરાર પાટણવાળા ચાલ તેમજ મહાજનવાડીના નવનિર્માણનો કરાર પ્રગતી બીલ્ડર સાથે કર્યો હતો પરંતુ તે હજુ સુધી પુર્ણ કરાયો નથી તો તે બીલ્ડર સાથે ત્રીભોવન ગીરધર ટ્રસ્ટનો કરાર કરતાં પહેલા મહાજનવાડીનું પુનઃનિર્માણનું કામ પુર્ણ કરવા માટે તેમજ પ્રગતી બીલ્ડર્સ પાસે નીકળતા લેણાં વસૂલ કરવા પોતાની વગનો ઉપયોગ કરી જ્ઞાતિના વિશાળ હિતમાં બિલ્ડર પર દબાણ લાવી અધુરૂ કામ પુર્ણ કરે.

**બંધારણ :** મહાજન દ્વારા જ્ઞાતિજનો માટે નવુ બંધારણ બનાવવાનું કાર્ય ચાલે છે જે ટૂંક સમયમાં બધાની સંમતિ માટે મોકલાવશે તેમજ આવેલ સુચનો મુજબના સુધારાઓ સ્પેશીયલ જનરલ મીટીંગ બોલાવી પાસ કરવામાં આવશે.

**દવાઓ:** મોટા ભાગે ડૉકટરો દવાના નામ બ્રાન્ડનેમ લખી આપે છે. દરેક જ્ઞાતિજન ડૉકટરને તેનું મૂળ નામ (Generic Name) લખવા માટે આગ્રહ કરે તો બ્રાન્ડ નેમ કરતા તે દવાઓ લગભગ ૨૫ થી ૩૦ ટકા જેવી સસ્તી બજારમાં મળી શકે છે. ✤✤✤✤✤

## ચાલો સાથે રમીએ રાસ



શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈ તેમજ શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈએ સંયુક્ત રાસ-ગરબાના પ્રોગ્રામનું આયોજન તા. ૨૫-૧૦-૨૦૧૫ને રવિવારના રોજ સાંજે ૫ વાગ્યાથી **નીલેશ ઠક્કર**ના સથવારે યોજેલ છે.

જેના વ્યક્તિ દીઠ ડોનેશન પાસના રૂા. ૧૫૦/- મીની ડીનર સાથે રાખેલ છે.
બહેનોને ઉત્તેજન આપવાના આશયથી સ્ટોલની ગોઠવણ પણ કરવામાં આવી છે.

**૧ સ્ટોલના ડોનેશન રૂા. ૨૫૦/- રાખેલ છે.**

**શુભેચ્છા બેનર ૬x૩ ના રૂા. ૫,૦૦૦/- રાખેલ છે.**

**સ્થળઃ** ભૂરાભાઈ હોલ તથા ગ્રાઉન્ડ શાંતીલાલ મોદી રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭

ઉપરોક્ત કાર્યક્રમના પાસનું વિતરણ તા. ૧-૧૦-૨૦૧૫ થી સમય સવારે ૧૨.૦૦ થી ૫.૦૦ દરમ્યાન આપણી સંસ્થાના કાર્યાલયમાંથી કરવામાં આવશે. સભ્યોને વહેલી તકે પાસ મેળવી લેવા વિનંતી.

## દિવાળી નિમિત્તે મીઠાઈ વિતરણ તથા અનાજ વિતરણ

પ્રતિ વર્ષ મુજબ આ વર્ષે પણ શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈએ દિવાળી નિમિત્તે જ્ઞાતિના સભ્યોને રાહત દરે મીઠાઈ તથા ફરસાણનું વિતરણ કરવાનું નક્કી કર્યું છે.

આ વર્ષે પડતર કિંમત કરતા ઓછી કિંમતે (ગત્ ત્રણ વર્ષના ભાવ પ્રમાણે) મીઠાઈનું તથા ફરસાણનું નીચે પ્રમાણેના ભાવે વિતરણ કરવામાં આવશે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **કાજુકતલી** | : | **રૂા. ૪૦૦/-** | **પ્રતિ કિલો** | **તીખી સેવ** | : | **રૂા. ૧૦૦/-** | **પ્રતિ કિલો** |
| **મોહનથાળ** | : | **રૂા. ૧૫૦/-** | **પ્રતિ કિલો** | **પૌવાનો ચેવડો** | : | **રૂા. ૧૦૦/-** | **પ્રતિ કિલો** |

કાજુકતલીનું ઉત્પાદન મર્યાદિત કિલોમાં કરવાનું હોવાથી વહેલો તે પહેલો ધોરણે બુકિંગ કરવામાં આવશે. દરેક પરિવાર દીઠ વધુમાં વધુ ૨ કિલો મીઠાઈ અને ૨ કિલો ફરસાણ આપવામાં આવશે. જ્ઞાતિજનોને આ આયોજનનો લાભ લેવા વિનંતી.

આ યોજના અન્વયે નક્કી કરવામાં આવ્યું છે કે પરિવારે પુરતી રકમ સાથે ઓર્ડર મહાજનશ્રીની ઓફિસમાં રવિવાર તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધીમાં નોંધાવી જવાનો રહેશે. આ તારીખ પછી ઓર્ડર નોંધવામાં આવશે નહીં તેની સભ્યોને નોંધ લેવા વિનંતી.

જે પરિવારના ઓર્ડર નોંધાયેલ હશે તેમની મીઠાઈ તથા ફરસાણનું વિતરણ તા. ૭-૮-નવેમ્બર ૨૦૧૫ કુલ બે દિવસ સવારના ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ સુધી મહાજનશ્રીની ઓફિસમાંથી કરવામાં આવશે.

**આ ઉપરાંત જરૂરિયાતમંદોને અનાજ વિતરણ તા. ૭ તથા ૮ નવેમ્બરના કરવામાં આવશે. આવતા વર્ષથી અનાજ વિતરણનું કાર્ય શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ, ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના સહયોગ સાથે દર બીજે મહિને કરશે.**

**ખાસ નોંધઃ** આપના કવર ઉપર નામ સાથે આપેલ આપનો રજીસ્ટર્ડ મેમ્બરશીપ નંબર છે, જેની ખાસ નોંધ લેશો અને મિઠાઈનું બુકિંગ કરાવતી વખતે આપનું એડ્રેસવાળું કવર સાથે લાવવું જરૂરી છે, જેથી આપનો તથા ઓફિસ સ્ટાફના માણસોનો સમય વ્યય નહીં થાય.

**સવિશેષ નોંધઃ** વસ્તીપત્રકમાં નવા નામો નોંધાવવા માટેના ફોર્મ અંધેરીની મહાજન વાડીમાં ઉપલબ્ધ છે.

## દિપાવલીની શુભેચ્છા અને નૂતન વર્ષાભિનંદન

આ વર્ષે દિપોત્સવી તથા નૂતન વર્ષના અભિનંદનની પરસ્પર આપલે કરવા મહાજન દ્વારા સ્નેહમિલન સહ સરસ્વતી સન્માન તથા વરિષ્ઠ સભ્યોના જાહેર સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આપ સૌને સહપરિવાર આ સ્નેહમિલનમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

### સ્નેહ મિલન સહ સ્વરૂચી ભોજન,
### સરસ્વતી સન્માન સહ વરિષ્ઠ સભ્યોનું સન્માન

**તા. ૨૨-૧૧-૨૦૧૫ ને રવિવાર સમય : સાંજના ૬.૦૦ થી ૮.૦૦**

**સ્થળઃ શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન ગ્રાઉન્ડ, ૧૧૮/૧૧૯, એસ.વી.રોડ, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮ - ફોનઃ ૨૬૨૦ ૬૬૨૨**

# સ્નેહમિલન તથા સન્માન સમારંભની વિગત

- આ સ્નેહમિલન સમારોહમાં આ વર્ષે S.S.C. તથા અન્ય વર્ગોમાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર તથા સાંસ્કૃતિક અને રમતગમતના ક્ષેત્રમાં, અનન્ય /વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવશે. જેની વિગતો આ સાથેના પરિપત્રમાં સામેલ છે.
- શ્રી ઘોઘારી લોહાણા મહાજને આપણી જ્ઞાતિના જીવતા જાગતા ઈતિહાસ સમા અને આપણા પરિવારોના વડલા સમાન, મુંબઈના ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના વરિષ્ઠ સભ્યો, જેમનું અગાઉ સન્માન ન થયું હોય તેવા સભ્યોનું સન્માન કરવાનું આ વર્ષે નક્કી કર્યું છે.
- જે પરિવારમાં માતા-પિતા કે કોઈ વડીલે તા. ૨૨-૧૧-૨૦૧૫ કે તે પહેલા ૬૦ વર્ષ પૂરા કર્યા હોય તે પરિવારના કર્તાએ પોતાના વડીલનું નામ મહાજન ટ્રસ્ટના કાર્યાલયમાં રવિવાર તા. ૧૦-૧૧-૨૦૧૫ પહેલા લખાવી દેવા વિનંતી. ઉપરોક્ત તારીખ બાદ મળેલા નામોના વડીલોનું આ વર્ષે સન્માન શક્ય બનશે નહીં તેની નોંધ લેવા વિનંતી.
- યોગ્ય આયોજન થઈ શકે એ માટે આપના પરિવારની કેટલી વ્યક્તિ સ્નેહ મિલનમાં સહભાગી થઈ શકશે તેની જાણ મહાજન ટ્રસ્ટની ઓફિસમાં રવિવાર તા. ૧૦-૧૧-૨૦૧૫ સુધીમાં (ફોન - ૨૬૨૮૩૭૧૫) સમય સવારે ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી જણાવવા વિનંતી.

આ વર્ષે (માર્ચ-એપ્રિલ-મે ૨૦૧૫)માં આપના પરિવારમાં કોઈ વિદ્યાર્થી S.S.C., I.C.S.E., H.S.C., ગ્રેજ્યુએટ (ફાઈનલ), પોસ્ટગ્રેજ્યુએટ કે પ્રોફેશનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હોય તેમજ સાંસ્કૃતિક અને રમતગમતના ક્ષેત્રમાં કોઈ અનન્ય સિધ્ધિ હાંસલ કરી હોય અને તેથી આપના પરિવારમાં આનંદનો અવસર આવ્યો હોય તો એ આનંદમાં આપણું સમસ્ત મહાજન પણ સહભાગી છે.

એ આનંદને જાહેરમાં ઉજવવા માટે આપણા મહાજને આ વર્ષે સ્નેહમિલન સમારોહમાં આપણા ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓમાંથી ઉચ્ચત્તમ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓનું અભિવાદન કરવાનું નક્કી કર્યું છે.

અભિવાદનમાં વિદ્યાર્થીને મહાજન ટ્રસ્ટ દ્વારા **'ગૌરવ પ્રમાણપત્ર'** (Certificate of Appreciation) ઉપરાંત શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ તરફથી રોકડ ઉપહાર તથા મહાજનશ્રીના ચેરમેન શ્રી કુણાલભાઈ વજાણી તરફથી ભેટ આપવામાં આવશે અને શ્રી નિખીલભાઈ આયા (ઓશાકા ફર્નિશીંગ પ્રા.લી.) તરફથી ગીફટ વાઉચર પણ આપવામાં આવશે.

અમારા આ પ્રયત્નમાં આપે પણ સહયોગ આપવાનો છે. જો આપના સંતાનો ઉપરોક્ત પરીક્ષાઓમાં ફક્ત ફર્સ્ટ કલાસ (૬૦ ટકા કે તેથી વધુ) માર્કસ સાથે ઉત્તીર્ણ થયા હોય તો તેની (માર્ચ-એપ્રિલ-મે ૨૦૧૫)ની પરીક્ષાની માર્કશીટ મહાજનશ્રીની ઓફિસમાં મંગળવાર તા. ૧૦-૧૧-૨૦૧૫ સુધીમાં પહોંચતી કરવા વિનંતી.

પોસ્ટ ગ્રેજ્યુએશન તથા પ્રોફેશનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હોય તેમણે બધાએ માર્કશીટની ઝેરોક્સ કોપીઓ મોકલવી. આ વિભાગમાં સૌથી વધુ માર્કસ સાથે ઉત્તીર્ણ થયા હશે તેમનું અભિવાદન કરવામાં આવશે.

- ☆ ક્યાં ગ્રુપ માટેનાં સર્ટિફીકેટ છે તે લખી જણાવવું.
- ☆ ફક્ત ઈન્ટર સ્કુલ / ઈન્ટર કોલેજ અથવા નેશનલ લેવલ સર્ટિફીકેટને પ્રાધાન્ય આપવામાં આવશે.
- ☆ વ્યક્તિ અથવા સંપૂર્ણ ટીમને પ્રાધાન્ય મળશે, નહીં કે કોઈ એક વ્યક્તિને ટીમ ચેમ્પીયનશીપ માટે.

**નોંધ:**

- ☆ માર્કશીટની બે ઝેરોક્ષની સાથે આપનું સંપૂર્ણ નામ - એડ્રેસ - ફોન નંબર તથા મહાજનનો આપના સરક્યુલરના કવર ઉપરનો નવો રજીસ્ટ્રેશન સભ્ય નંબર લેખિત આપવા વિનંતી.
- ☆ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીએ અભિવાદનના દિને પોતે હાજર રહેવું જરૂરી છે. હાજર ન રહેનાર વિદ્યાર્થી / વિદ્યાર્થીનીની બદલીમાં તેના વાલી અથવા કુટુંબનો કોઈ પણ સભ્ય અભિવાદનને પાત્ર રહેશે નહીં.
- ☆ સાંસ્કૃતિક કે રમતગમતના ક્ષેત્રમાં કોઈ સિદ્ધિ હાંસલ કરી હોય તો તે અંગેના પ્રમાણપત્રની બે ઝેરોક્ષ સાથે આપવા વિનંતી.
- ☆ નિશ્ચિત કરેલ તારીખ બાદ આવેલ માર્કશીટની તથા પ્રમાણપત્રની ઝેરોક્ષ રેકોર્ડ પર લેવામાં આવશે નહીં.
- ☆ બેમાંથી એક ઝેરોક્ષ પહોંચ રૂપે સિક્કો મારીને પરત આપવામાં આવશે.
- ☆ પારિતોષિકની બાબતમાં પ્રમુખશ્રીનો નિર્ણય આખરી રહેશે.

**લી.**
**શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈ**
**સમસ્ત ટ્રસ્ટ મંડળ અને કારોબારીના સભ્યો**

## શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ

શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ દ્વારા ઓગસ્ટ મહિનામાં રાખડી, પવિત્રા તથા તોરણનું ડેમોન્ટ્રેશન તેમજ સપ્ટેમ્બર મહિનામાં વાર્ષિક સામાન્ય સભા (એ.જી.એમ.) અને સરસ્વતી સન્માન સમારોહ રાખવામાં આવેલ. તેમાં ધોરણ ૧ થી ૧૨માં પ્રથમ અને દ્વિતિય આવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવેલ.

આગામી કાર્યક્રમ તારીખ ૧૭-૧૦-૧૫ના શનિવારે નવરાત્રી માતાજીના ગરબા, લોહાણા વિદ્યાર્થી ભવન અંધેરી ખાતે રાખવામાં આવેલ છે. તેમજ દિવાળી સ્નેહમિલન, મનોરંજન તથા સહભોજન તારીખ ૨૧-૧૧-૨૦૧૫ શનિવારે શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન અંધેરી ખાતે રાખવામાં આવેલ છે. તેમજ શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ દ્વારા સમસ્ત લોહાણા માટે સમુહ લગ્નનું આયોજન તારીખ ૨૯-૧૧-૧૫ રવિવારે કરવામાં આવેલ છે તેના ફોર્મ શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી, અંધેરી, મુંબઈ ફોન નં. ૨૬૨૮૩૭૧૫ પરથી મળશે. તેમજ વિશેષ માહિતી માટે સંપર્ક:

| | | |
|---|---|---|
| **શ્રીમતી ઉષાબેન વજાણી** | - | ૯૮૬૯૨૫૪૯૩૬ |
| **શ્રીમતી ભાવનાબેન તન્ના** | - | ૯૯૨૦૨૧૬૨૦૦ |
| **શ્રીમતી રશ્મિબેન ઠક્કર** | - | ૯૮૧૯૬૦૯૫૯૬ |
| **શ્રીમતી માધવીબેન સોમૈયા** | - | ૯૯૨૦૩૨૪૦૯૯ |
| **શ્રીમતી શોભાબેન સુબા** | - | ૯૮૯૨૩૮૦૯૦૧ |


શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજના પ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠ્લાણી અને ઉપપ્રમુખ શ્રીમતી ભાવનાબેન તન્ના સરસ્વતી સમારોહના તેજસ્વી વિદ્યાર્થીઓ સાથે

## શ્રી લોહાણા યુવક મંડળ-મુંબઈ (અંધેરી-પાર્લા)

શ્રી લોહાણા યુવક મંડળ સ્થાપનાના ૨૮ વર્ષ પૂર્ણ કરી ૨૯માં વર્ષમાં પદાર્પણ કરી રહેલ છે. સંસ્થાએ અત્યારસુધીમાં અનેક વિવિધ કાર્યક્રમો આપ્યા. જેવાકે સમાજલક્ષી, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક, આધ્યાત્મિક વગેરે આમ સંસ્થાએ બનાવેલી આચાર સંહિતા સંસ્થા સાર્થક કરતી આવી છે.

ગત વર્ષે ધાર્મિક કાર્યક્રમ અંતર્ગત હોળીનાં રસિયા, સમુહ માળા પહેરામણી તથા સમૂહ ભાગવતનું આયોજન કરેલ. એ સાથે જ સમુહ યજ્ઞોપવિત, સમુહ લગ્ન, સ્થાપના દિન નિમિત્તે નાટય પ્રયોગ, નવરાત્રીમાં દાંડિયા રાસની રમઝટ, યાત્રા પ્રવાસ, સ્નેહ મિલન, પરિચય સમારોહ વગેરે કાર્યક્રમો તો ખરાજ!

સંસ્થાની સફળતા પાછળ સૌથી મહત્વની વાત છે. કાર્યકર્તાઓની નિસ્વાર્થ ભાવે સેવા આપવાની ઈચ્છા આ સંસ્થામાં આજ સુધી ક્યારેય ચૂંટણી થઈ નથી. હંમેશા પદાધિકારીઓની વરણી જ થાય છે.

આ વર્ષની સામાન્ય સભામાં નવી કારોબારીની રચના કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખપદે શ્રીમતી જ્યોતિબેન કિર્તી ઠક્કરની આગામી ટર્મ માટે નિમણુંક થઈ. સાથેજ સંસ્થાનાં ઉપપ્રમુખ પદે શ્રી મહેશભાઈ રાજાની નિમણુંક થઈ.



## અપીલ

આત્મીય સ્વજનશ્રી,

ઘોઘારી લોહાણા મહાજન ચેરીટેબલ ટ્રસ્ટ હંમેશા આપણી જ્ઞાતિના જરૂરિયાતવાળા સભ્યોને સહાય કરવા ઉત્સુક છે. આ પુણ્યકાર્યમાં આપ પણ સહભાગી થઈ શકો છો.

આપના પરિવારમાં કોઈના જન્મદિવસ, લગ્નદિવસ તથા કોઈપણ સારા પ્રસંગે આપ ડોનેશન આપી સહભાગી થઈ શકો છો તથા આપના વડિલોની પુણ્યતિથિ નિમિત્તે પણ ડોનેશન આપી શકો છો.

આપના તરફથી આપવામાં આવેલ દાન / ડોનેશનનો ઉપયોગ જ્ઞાતિના જરૂરિયાતવાળા સભ્યોને તબિબિ સહાય, આર્થિક તથા શૈક્ષણિક સહાયમાં આપની ઈચ્છા મુજબ કરવામાં આવશે.

આપના દાનની રશીદ તથા ૮૦ જીનું સર્ટીફિકેટ પણ આપવામાં આવશે. આપ સૌના યોગ્ય પ્રતિસાદની અપેક્ષા સહ.

**શ્રી ઘોઘારી લોહાણા મહાજન ચેરીટેબલ ટ્રસ્ટ**

# શ્રી અમરેલી જીલ્લા પૂર પીડીતોની વહારે શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા મહાજનના ઉપપ્રમુખના પ્રવાસનો આંખે દેખ્યો અહેવાલ

અમરેલી જીલ્લામાં આવેલ ભીષણ પૂર હોનારતમાં આપણા ભાઈ-ભાડુંઓની તકલીફો અને નુકસાનીનો રિપોર્ટ શ્રી અમરેલી લોહાણા મહાજનના સભ્યો શ્રી અનીલભાઈ રૂપારેલ, શ્રી અંતુભાઈ સોઢા, શ્રી સતીષભાઈ આડતીયા, શ્રી જીતુભાઈ સોમૈયા, શ્રી જગદીશભાઈ સેલાણી ઉપરાંત લકી રૂપારેલ વગેરેએ ૧૨ કલાકની અંદર કુકાવાવ, વડીયા, નાનીખારી, બાબાપર, બગસરા વગેરે ગામોનો નુકસાનીનો અંદાજ શ્રી અષ્ટકાંત સૂચક મારફત ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સતીષભાઈ વિઠલાણીને પહોચાડતા તેઓએ બધાજ ટ્રસ્ટીઓને વિશ્વાસમાં લઈ ફક્ત ૨૪ કલાકમાં ૫,૧૨,૦૦૦/- (પાંચ લાખ બાર હજાર)ની સહાયના ચેકો મોકલાવેલ. ઉપરાંત સાવરકુંડલાથી વિજયભાઈ વસાણી, શ્રી અંતુભાઈ ગઢીયા, શ્રી કિર્તીભાઈ રૂપારેલ, શ્રી ભરતભાઈ વગેરેએ આપેલ રીપોર્ટ મુજબ ત્યાં પણ અંદાજિત રૂા. ૨,૪૦,૦૦૦/- (બે લાખ ચાલીસ હજાર)ની સહાય મોકલાવેલ. બાદમાં ઉપરોક્ત દરેક જગ્યાએ વધુ સહાયની જરૂરીયાત હોવાથી મુંબઈથી શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટબોર્ડની મંજુરીથી વ્યક્તિગત તપાસ અર્થે અમરેલી જીલ્લાનો પ્રવાસ કરવાનો તથા તાત્કાલિક સહાય મંજૂર કરવાનો કાર્યક્રમ રાખેલ.

શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી જનકભાઈ ઠક્કર તથા શ્રી અજીતભાઈ ઠક્કર તથા મુંબઈ ઘોઘારી લોહાણા મહાજનના ઉપપ્રમુખ શ્રી અષ્ટકાંત સૂચકનું શ્રી અનીલભાઈ રૂપારેલે હાર્દિક સ્વાગત કરેલ. બાદમાં અમરેલીના મહાજનના સભ્યો સાથે સૌ પ્રથમ કુકાવાવના ૧૭ કુટુંબોની મુલાકાત લીધેલ અને બધાની જરૂરીયાતના ફોર્મ મંગાવી બીજે દિવસે અમરેલી મહાજનવાડીમાં બોલાવીને ચેક અર્પણ કરેલ. ત્યાંથી નાનીખારી ગામે સવાણી કુટુંબના ૩ કુટુંબને નુકશાન પહોંચેલ જેમાંથી ૧ કુટુંબે સહાયની ના પાડતા ૨ કુટુંબોને ચેકથી સહાય કરેલ. રાત્રે બાબાપર ગામે પહોંચી નિવૃત્ત શિક્ષકને નુકશાની થયેલ તેને સાંત્વન આપી બગસરા ગયેલ. ત્યાં દરેક જરૂરીયાતમંદ સભ્યોની રૂબરૂ દુકાન અને ઘરની મુલાકાત લીધી હતી. દરેકને બીજે દિવસે અમરેલી મહાજનવાડીમાં મીટીંગમાં બોલાવેલ. બગસરામાં મુંબઈની ટીમ સાથે ત્યાના યુવાન કાર્યકર શ્રી જીજ્ઞેશ રાય પણ સાથે રહેલ. તેમણે દરેકની વ્યક્તિગત ઓળખાણ આપી કાર્ય કરેલ.

બીજે દિવસે અમરેલી લોહાણા મહાજનવાડીમાં અમરેલી જીલ્લાના આપણા બધા જ લોહાણા મહાજનોને આમંત્ર્યા હતા. જેમા બગસરા, સાવરકુંડલા, ચલાલા, કુકાવાવ, અમરેલી તથા બાબરાના મહાજનના સભ્યો હાજર રહેલ. જેની સંખ્યા ૮૦ થી ૧૦૦ સભ્યોની હતી.

મિટિંગમાં શ્રી અનીલભાઈ રૂપારેલે ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી જનકભાઈ ઠક્કર તથા શ્રી અજીતભાઈ ઠક્કર તેમજ અષ્ટકાંત સુચકને આવકાર આપી. તેમના આવવાનું પ્રયોજન જણાવેલ અને દરેક મહાજનોએ તેમા પોતાની રીતે સમાજને આર્થિક અને માનસિક રૂપે મદદરૂપ થવા અનુરોધ કરેલ.





ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ વતી ટ્રસ્ટી શ્રી જનકભાઈ ઠક્કરે વકતવ્ય આપતા જણાવેલ કે કુદરતી આફતના આ સમયે અમે બધાં આપની સાથે છીએ. તે ઉપરાંત અમારી એવી લાગણી છે કે આપણા સમાજની એકપણ દિકરી કે દિકરો પૈસાના અભાવે અભ્યાસ ન કરે તેવું ન બને.

તેમણે મેડીકલ સહાય માટે પણ પૂરતી તત્પરતા બતાવેલ. જેમાં શરતોને આધિન દરેકને પૂરતી મદદ મળે તેવા પ્રયત્નો કરવાની ખાત્રી આપેલ. દરેક વ્યક્તિને મેડીકલેઈમ લેવાની ભલામણ કરેલ. તેમાં પણ ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ મદદ કરશે તેવી ખાત્રી આપેલ.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્ટેન્ડઅપ ઈન્ડીયા-સ્ટાર્ટઅપ ઈન્ડીયાની જેમ જ શ્રી ખીમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટએ 'સ્ટેન્ડઅપ ઘોઘારી સ્ટાર્ટઅપ ઘોઘારી' સ્કીમ હેઠળ કરેલી જાહેરાત મુજબ કોઈપણ ઘોઘારી લોહાણા જ્ઞાતિના સભ્યને ધંધા માટે જરૂરીયાત મંદોને સંસ્થાના નિયમ મુજબ સીડ કેપીટલ તરીકે ૫ લાખ સુધીની લોન વગર વ્યાજે આપવામાં આવશે તેની જાણ કરેલ. જે માટે હાલમાં રૂા. ૨૫ લાખની વાર્ષિક ભંડોળ નક્કી કરેલ છે.

શૈક્ષણિક કે મેડીકલ સહાય માટે જે તે ગામના મહાજનની ભલામણ સાથે વ્યવસ્થિત પુરૂ ફોર્મ ભરશે તેઓને તરત સહાય મળશે તેવી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ વતી ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કરે ખાત્રી આપેલ.

જાત તપાસ બાદ જરૂરીયાતમંદોને અંદાજિત રૂા. ૩૨ લાખના ચેકનું વિતરણ કરવાની જવાબદારી અમરેલી લોહાણા મહાજનને આપી હતી અને હાજર સભ્યોને ત્યાંજ ચેકનું વિતરણ કરેલ.

છેલ્લે ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કરે, શ્રી એ.ડી.રૂપારેલ, શ્રી અંતુભાઈ સોઢા, શ્રી સતિષભાઈ આડતીયા, શ્રી જીતુભાઈ સોમૈયા, શ્રી જગદીશભાઈ સેલાણી, શ્રી અકીલ રૂપારેલ અને ભાણીયાભાઈ (ગઢિયા) નો ટ્રસ્ટને મદદ કરવા બદલ આભાર માનેલ અને શ્રી અકીલ રૂપારેલ તથા ભાણીયા ભાઈનું શાલ ઓઢાડી સન્માન કરેલ.

શ્રી અંતુભાઈ સોઢાએ તાત્કાલીક મદદ આપવા બદલ 'ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટનો આભાર માનેલ. આપણા ભાઈઓની ફિકર મુંબઈ બેઠા આપણા ભાઈઓ કરે છે તેવી લાગણીથી ગદ્ગદ થઈ આભાર માનેલ.

ત્યારબાદ બધા જ સભ્યો બપોરનું ભોજન અમરેલી મહાજન વતી કરી છુટા પડયા હતા.

✤✤✤✤✤

**મહાજનના પદાધિકારીઓ સાથે સંપર્ક કરવા નીચેના Email પર સંપર્ક કરવો.**

| | |
|---|---|
| Manager | : manager@sglm.in |
| Admin | : admin@sglm.in |
| Secretary | : secretary@sglm.in |
| President | : president@sglm.in |
| Vice President | : vp@sglm.in |
| Chairman | : chairman@sglm.in |
| Managining Trustee | : managingtrustee@sglm.in |
| Events | : events@sglm.in |
| Media | : media@sglm.in |

મુખપત્રનો બોજો મહાજન પર ન પડે તે માટે આપણે બધાએ સાથે મળીને શુભેચ્છકો તરીકે મુખપત્રમાં જાહેર ખબર આપીએ.

**જાહેર ખબરના દર નીચે મુજબ રાખેલા છે.**

| | | |
|---|---|---|
| (૧) | ક્વાર્ટર પેજ | રૂા. ૩,૦૦૦/- |
| (૨) | અર્ધુ પેજ | રૂા. ૬,૦૦૦/- |
| (૩) | ફુલ પેજ | રૂા. ૧૦,૦૦૦/- |

આ ઉપરાંત આપણા વિચારો, આપણી મૌલિક કૃતીઓ પણ મુખપત્રમાં પ્રગટ કરવા મોકલવા વિનંતી.

**- તંત્રીશ્રી**




ઘોઘારી લોહાણા સભ્યોને માટે કાયમી ડીસ્કાઉન્ટ મળશે

# શ્રી હિંડોચા બાપાએ સ્થાપેલ શ્રી લોહાણા પરિષદના દ્વિતીય અધિવેશનની શતાબ્દીની ભાવનગરમાં ઉજવણી



લોહાણા જ્ઞાતિ માટે ગૌરવ લઈ શકાય તેવો અનોખો કાર્યક્રમ ભાવનગરના આંગણે તા. ૨૬-૯-૨૦૧૫ના રોજ ઉજવાયો.

૧૦૫ વર્ષ પહેલા પૂ. હિંડોચા બાપાએ પાઘડી તથા જુતા પહેર્યા વગર ગામે ગામ ફરીને રઘુવંશી લોહાણાઓને એકત્ર કરવા માટે જહેમત ઉઠાવી હતી. તેની ફળશ્રુતી રૂપે 'શ્રી લોહાણા પરિષદ'ની સ્થાપના થઈ હતી. તે વખતે આ લોહાણા પરિષદનું અધિવેશન ભાવનગર ખાતે સો વર્ષ પહેલાં યોજાયું હતું. તે પ્રસંગની યાદોને તાજી કરવા તથા તે અધીવેશન ભરાયું તેની શતાબ્દીને ઉજવવાના પ્રસંગે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવનિયુક્ત માતૃસંસ્થા પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક, ભૂતપૂર્વ પ્રમુખ તથા મહાપરિષદના ટ્રસ્ટી શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, માનદ્મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, મુંબઈ ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ તથા ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સતીષભાઈ વિઠલાણી, ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના અન્ય ટ્રસ્ટીઓ સર્વશ્રી જનકભાઈ ઠક્કર, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, મુંબઈ ઘોઘારી લોહાણા મહાજનના ઉપપ્રમુખ શ્રી અષ્ટકાંતભાઈ સુચક વગેરે ખાસ પધાર્યા હતાં. તેમનું સન્માન બપોરે ૧૨.૧૫ કલાકે નારી ચોકડી ખાતે કરાયું. સર્વ મહાનુભાવો સાથે સ્થાનિક અગ્રણીઓએ વિઠલવાડી, ખારગેટ તથા આનંદ નગર ખાતેના જલારામ બાપાના મંદિરો, શ્રી રામજીમંદિર, શ્રી લોહાણા વિદ્યાર્થીભવન તથા શ્રી લોહાણા મહાજનવાડીની મુલાકાત લીધી હતી.

બપોરે બે વાગે સર્કીટ હાઉસ ખાતે ગુજરાત રાજ્યના ધારાસભ્ય શ્રીમતી નીમાબેન આચાર્ય તથા ગુજરાતના પૂર્વ સાંસદ શ્રીમતી જયાબેન ઠક્કર પણ સર્વ મહાનુભાવો સાથે જોડાયા હતા. બપોરે ૨.૩૦ વાગે ભાવનગર લોહાણા સમાજના દાતાઓ, ઉદ્યોગપતિઓ, ડૉકટરો, વકીલો, વેપારીઓ તથા આમંત્રીત અન્ય મહેમાનો અને બહારગામથી પધારેલા મહાનુભાવો સાથે એક ચિંતન બેઠક યોજાઈ હતી. જ્ઞાતિહિતના કાર્યો તથા જરૂરીયાતો અંગે વક્તાઓએ પોતાના મંતવ્યો રજુ કર્યા હતા.

ધારાસભ્ય શ્રીમતી નીમાબેન આચાર્ય એ સરકાર તરફથી મળતી સવલતોની વિગત જ્ઞાતીના દરેક સભ્ય સુધી પહોંચાડવાની વાત પર ભાર મૂક્યો હતો.

યુવા પરિષદના પ્રમુખ શ્રી જીજ્ઞેશભાઈ ભજીયાવાળાએ લગ્ન પ્રસંગે થતા ખર્ચમાં ખોટો ખર્ચ ન થાય તેવી અપીલ કરી અને જે જરૂરીયાતનો ખર્ચ થાય તે વરપક્ષ કન્યાપક્ષમાં સરખા ભાગે વહેંચાય તેવું કરવું જોઈએ.

ભાવનગરના ડૉકટરોની કોર કમીટીએ સમાજમાંથી થેલેસેમીયાની બિમારી દૂર થાય તથા તે અંગે વધુ જાગૃતી આવે તે બાબત પર ભાર મૂક્યો હતો.

શ્રી લોહાણા મહાપરિષદના માનદ્મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રી ધર્મેશભાઈ હરીયાણીએ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા અપાતી મેડીકલ તથા શિક્ષણ સહાય અંગે જાણકારી આપી હતી.

મુંબઈ હાલાઈ લોહાણા મહાજનના મે. ટ્રસ્ટી શ્રી પીયુષભાઈ ગંઠાએ ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈ આવતા વિદ્યાર્થીઓને રહેવાની સગવડ મળી રહે તે માટે પ્રયત્નો કરવાની ખાત્રી ઉચ્ચારેલ.





મુંબઈ ઘોઘારી લોહાણા મહાજન પ્રમુખ તથા ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી સતીષભાઈ વિઠલાણીએ ઘોઘારી સમાજના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરીયાત હોય તેના ૩૦ ટકા સ્થાનિક મહાજન અને ૭૦ ટકા ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ આપે તેવી જાહેરાત કરીહતી.

યશવંતરાય નાટ્યગૃહ ખાતે મહેમાનો લગભગ ૫.૦૦ વાગે પધાર્યા જ્યાં કાર્યક્રમની થીમ 'મા' નું પ્રદર્શન નિહાળી દિપ પ્રાગટય સાથે કાર્યક્રમની શરૂઆત કરવામા આવી. તેમા ભાવનગર લોહાણા સમાજના લગભગ ૧૦૦ બાળકો અને ૪૦ વહુ - દિકરીઓએ રંગારંગ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરીહતી.

દ્વિતીય સત્રમા લગભગ ૬.૦૦ કલાકે લોહાણા જ્ઞાતિના વિકાસ, ઉત્કર્ષ અને જ્ઞાતિહિત માટે તથા જ્ઞાતિમા સંગઠનના સિંચન માટે જ્ઞાતિ સંમેલન તથા વિચાર-ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પૂર્વ પ્રમુખ શ્રી લોહાણા મહાપરિષદ શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, શ્રી સતિષભાઈ વિઠલાણી પ્રમુખશ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈ, શ્રી હિમાંશુભાઈ ઠક્કર મંત્રી શ્રી લોહાણા મહાપરિષદ, નીમાબેન આચાર્ય ધારાસભ્ય શ્રી કચ્છ ભુજ અને શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે જ્ઞાતિહિત માટે પોતાના વિચારો રજૂ કર્યા હતા. જ્ઞાતિહિત માટે વિવિધ યોજનાઓ જેમા મહાપરિષદના તથા ગર્વમેન્ટ યોજનાઓની પણ છણાવટ કરવામા આવી તથા શિક્ષણ, આરોગ્ય, જ્ઞાતિવિકાસ, ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓની જાહેરાત કરવામા આવી. કોર-કમિટીદ્વારા છ નવયોજના ખુલ્લી મુકી અને અપગ્રેડ કરવામાં આવી.

ભાવનગર લોહાણા જ્ઞાતિજનો, શ્રેષ્ઠીઓ, યુવાનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી આ પ્રસંગ દિપાવ્યો અને યશવંતરાય નાટયગૃહને હાઉસફુલ કરી દીધું. આ પ્રસંગે હવે પછીની મહાપરિષદની બેઠક ભાવનગરમાં મળે તેવી વિનંતી જ્ઞાતિજનો વતી કોર-કમિટીની ટીમે મહાપરિષદના પ્રમુખશ્રીને કરી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોર-કમિટી ભાવનગરના મેમ્બર્સ, મહિલાઓ, યુવાનોએ જહેમત ઉઠાવી. સમગ્ર કાર્યક્રમમા આર્થિક સહયોગ 'વિન ફોર શ્યોર' કલબ અને 'રજવાડી ગરબા'ના આયોજક રૂપારેલિયા પરિવાર તરફથી મળ્યો.

❖❖❖❖❖

## કોર કમિટિ તથા ખીમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની મીટીંગ - બીજો દિવસ

કોર કમિટિ અને મુંબઈના મહેમાનો વચ્ચે નિલમબાગ પેલેસ હોટલમાં સવારના નાસ્તા સાથે મિટિંગ થયેલ જેમાં ચર્ચાને અંતે સતિષભાઈએ નીચે મુજબનો અનુરોધ કર્યો હતો. કે ભાવનગર જીલ્લાના દરેક તાલુકાની વસ્તી, અભ્યાસ કરતા છોકરા-છોકરી અને તેઓની તકલીફો, તેઓની જરૂરીયાતો જેમા તમો કેટલું કરી શકો છો ? અમારી પાસે શું અપેક્ષા રાખો છો ? વગેરે વિગતો જણાવવા કહેલ તેમાં ગારીયાધાર, મહુવા, તળાજા, પાલીતાણા, સોનગઢ, શીહોર, વલ્લભીપૂર વગેરેમાં આપણા કાર્યોનો વ્યાપ વધે તેવા પ્રયત્નો કરવા કહયું હતું. ઉપરાંત તેમજ અહીંયા સમાજ હિતના કાર્ય કરો છો તેમાં ઘટતી રકમ અમારૂ ટ્રસ્ટ આપશે તેવી ખાત્રી આપી હતી.

મુંબઈ ખાતે પરિચય મિલન, સમુહ લગ્ન તથા અન્ય સમાજહિતના કાર્યક્રમો બધા મહાજનના સહિયારા પ્રયત્નો તથા યુવક મંડળ અને મહિલા મંડળના સંકલન સાથે કરાય છે તેની વિગતો આપી હતી અને તેમની સાથે સંકલન સાધવાનો પણ અનુરોધ કર્યો હતો.



# શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતીની બેઠકનો રીપોર્ટ

શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ તરીકે શ્રી પ્રવિણભાઈ કોટકે તા. ૪-૭-૨૦૧૫ના કાર્યભાર સંભાળ્યો ત્યાર બાદ તેમના પ્રમુખપદ હેઠળની પ્રથમ કારોબારી સમિતીની બેઠક સુરત મુકામે તા. ૧૦-૧૦-૨૦૧૫ તથા તા. ૧૧-૧૦-૨૦૧૫ના રોજ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં હાજરી નોંધાઈ હતી.

રજીસ્ટ્રેશન, પ્રાર્થના, ધ્વજવંદનના કાર્યક્રમ બાદ યજમાન સંસ્થાના પ્રમુખ શ્રી ધનવાનભાઈ કોટકે સર્વને આવકાર આપીને સ્વાગત કર્યું હતું.

દિવગંતોને શ્રધ્ધાંજલી આપ્યા બાદ આવેલા સંદેશાઓનું વાંચન થયું હતું.

માનદ્‌મંત્રી શ્રી હિમાંશુંભાઈ ઠક્કરે ગત મીટીંગની મીનીટસનું વાંચન કર્યું હતું. જેને સર્વાનુમતે બહાલી અપાઈ હતી.

પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે પોતે ૧૩મા પ્રમુખ તરીકે હોદો સંભાળ્યો હોવાથી ૧૩ મુદાનો જ્ઞાતિસેવાનો કાર્યક્રમ રજુ કર્યો હતો.

મહાપરિષદ દ્વારા અપાયેલ રૂા. ૯૦ લાખની શિક્ષણ સહાય તથા અન્ય કલ્યાણ કારી કાર્યો અને થેલેસેમીયા જાગૃતી અંગે કરાયેલ કાર્યોની માહિતી હાજર રહેલા સર્વ સભ્યોને અપાઈ હતી.

કચ્છના શ્રી કે.સી.ઠક્કરે હાયર એજ્યુકેશન માટે રૂા. એક કરોડ જેવી માતબર રકમના અનુદાનની જાહેરાત કરી હતી. તેથી હાયર એજ્યુકેશન માટે અલગ ટ્રસ્ટ બનાવવાની જાહેરાત કરાઈ હતી.

માતૃસંસ્થાનું મુખ્ય કાર્ય સંનિષ્ઠા, સંગઠન, સેવા દ્વારા સિધ્ધી પ્રાપ્ત કરવાનું છે, એવી જાહેરાત કરતાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે મહાપરિષદના માધ્યમથી સંગઠનને વધુ બળવત્તર કરવાની અપીલ કરી હતી. તે દિશામાં એક સકારાત્મક કદમ ભરીને તેમણે કારોબારી સભ્યોને અનુરોધ કર્યો હતો કે મુંબઈ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર અથવા અન્ય કોઈ પણ સ્થાનના મહાજનોને મધ્યસ્થ મહાસમિતીમાં સમાવેશ ન થયો હોય તો તે સર્વેને જ્ઞાતિના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે મધ્યસ્થ મહાસમિતીમાં સમાવી લેવામાં આવે. સંગઠનના આ કાર્ય માટે કારોબારી સંમતી આપે.

કારોબારીના સર્વ સભ્યોએ સર્વાનુમતે પ્રમુખશ્રીને આ કાર્ય બનતી ત્વરાએ કરવા માટે પૂર્ણ સત્તા આપી હતી અને તે અંગેનો ઠરાવ પસાર કરાયો હતો.

આ ઉપરાંત રઘુકુળ વિશ્વનો વધુ ફેલાવો થાય તે માટે નવા સભ્યો બનાવવા માટે તથા એજ્યુકેશન ટ્રસ્ટોને વધુ માતબર બનાવવાનો અનુરોધ કરાયો હતો.

શ્રી લોહાણા મહાપરિષદ તરફથી ૧૫ આંતર રાષ્ટ્રીય એવોર્ડ અપાય છે, તેમાં સુરત ખાતે ડૉ. નંદલાલ માનસેતા તથા શ્રી જીજ્ઞેશભાઈ ભજીયાવાલા તરફથી અન્ય બે એવોર્ડ માટે જાહેરાત કરાઈ હતી. ભૂ.પૂ. પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી, શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, સોલીસીટર શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી સતિષભાઈ વિઠલાણી, શ્રી નવીનચંદ્ર રવાણી, શ્રીમતી નીમાબેન આચાર્ય, શ્રીમતી જયાબેન ઠક્કર, શ્રી પ્રવીણ બાપા, શ્રી રાજીવભાઈ રવાણી તથા ભાવેશભાઈ હરિયાણીએ પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા.

કારોબારી સમિતીમાં પ્રમુખશ્રી દ્વારા વિવિધ સ્તરે વિવિધ વિભાગોમાં કુલ ૭૦ જેટલી નિમણુંકોની જાહેરાત કરાઈ હતી.

# નાસિકથી આવેલો કુંભમેળાનો રીપોર્ટ

શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ નાસિક -આરોગ્ય ભુવનમાં કુંભમેળામાં આપણા જ્ઞાતિ શ્રેષ્ઠીઓએ સેવાનો અને કુંભ સ્નાનનો આનંદ લીધેલ હતો. જેમાં માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, માનદ્‌મંત્રીશ્રી હિમાંશુભાઈ ઠક્કર ઉપરાંત હાલાઈ લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સતીષભાઈ દત્તાણી, શ્રી જયંતભાઈ ઘેલાણી, શ્રી પિયુષભાઈ ગંઠા વગેરે પરિવાર સાથે આવેલ હતા. તેમજ ઋતુંભરા કોલેજના ટ્રસ્ટી શ્રી ગીરીશભાઈ ડ્રેસવાલાએ પણ લાભ લીધો હતો.





# શુભ સંદેશા

શ્રી ઘોઘારી લોહાણા મહાજન, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૫૮
માનનીય પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી

ભૂ.પૂ.પ્રમુખ અને ટ્રસ્ટી શ્રી કનુભાઈ મગદાણી અને ટ્રસ્ટી શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા તથા કમિટિ મેમ્બર શ્રી મનોજભાઈ ગઢીયા તથા સર્વે પદાધિકારીઓ.

બોરિવલીથી લી. કિશોરભાઈ અઢીયાના જય જલારામ ખુશાલી સાથે જણાવવાનું કે મહાજનશ્રી તરફથી સંદેશની માસિકની પહેલી આવૃત્તિ મળી ને ઘણોજ આનંદ થયો છે. જે આપની જાણ માટે..

ભૂતકાળ થી વર્તમાન સમય પ્રમાણે તેમા ઘણીજ જાતની સામગ્રી છાપવામાં આવી અને હાલના આ સમય પ્રમાણે યંગ જનરેશન માટે શ્રી ઘોઘારી લોહાણા મહાજનનો ઈતિહાસ સાથે દરેક પ્રવૃત્તિનું આયોજન છાપવા બદલ ખુબ ખુબ અભિનંદન.

મહાજનશ્રીના ઉપપ્રમુખ શ્રી અષ્ટકાંતભાઈ સુચક આ સંદેશ માસિક મેગેઝીન ને બરાબર છાપી તથા પ્લાસ્ટીક પેપરમાં અને કલર તથા પાનાને ચારે બાજુ સુંદર મજાની કલર બોર્ડર બનાવીને છાપી એ બદલ તેમનો ઘણોજ આભાર માનવામાં આવે છે.

બીજુ ખાસ નમ્ર વિનંતી કરવાની કે સંદેશ મેગેઝીન ની બન્ને બાજુ નાની સાઈઝમાં શ્રી ગણપતિબાપાનો ફોટો તથા જમણી બાજુ શ્રી જલારામ બાપાનો ફોટો છાપવો જરૂરી છે. કારણકે એમના આશિર્વાદ થી દરેક કાર્ય ચાલ્યા કરશે. એમા શંકાને સ્થાન નથી.

સભ્ય પદ નં. ૧૦૧૧
**કિશોરભાઈ રામજીભાઈ અઢીયા**

❖ ❖ ❖ ❖

**પ્રતિશ્રી,**
**મા.શ્રી.સતિષભાઈ વિઠ્ઠલાણી**
મા.શ્રી.અષ્ટકાંતભાઈ સુચક તેમજ મા. ટ્રસ્ટીશ્રીઓ તેમજ કારોબારી સદસ્યશ્રીઓ,
શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈ (૪૦૦ ૦૫૮)

જય રઘુવીર જયજલારામ સહ જણાવવાનું કે આપણી સંસ્થા દ્વારા શરૂ થયેલ શ્રી ઘોઘારી લોહાણા સંદેશનો પ્રથમ અંક મલ્યો ઘણીજ માહિતી જાણી છે.

તંત્રીશ્રી અષ્ટકાંતભાઈ સુચક સાથે ટેલીફોનમાં થોડા દિવસ પહેલા વાત થયેલ ત્યારે વિગતથી આપની (આપણી) સંસ્થા 'ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ દ્વારા આપણા ઘોઘારી લોહાણા જ્ઞાતિના જરૂરિયાતમંદ દરીદ્રનારાયણ તેમજ વિદ્યાર્થીઓને તેમજ આર્થિક જરૂરતવાળા જ્ઞાતિજનોને ખૂબજ સુંદર રીતે સહાયરૂપ થઈ તેઓની સમસ્યા હલ થાય તે માટે મદદગાર થઈને જે સહયોગ આપવામાં આવે છે તે ખૂબજ સરાહનીય છે.

તા. ૨૪-૦૬-૨૦૧૫ના રોજ અમરેલી જીલ્લામાં ખૂબજ પૂરની પરિસ્થિતિ સર્જાયેલ તેમાં આપણી જ્ઞાતિના અસરગ્રસ્ત પરિવારોને મુંબઈથી તાત્કાલિક આવીને અમરેલી લોહાણા મહાજનને સાથે રાખીને તાત્કાલિક સહાય ચુકવી જે આપણા જ્ઞાતિબંધુઓ નિઃસહાય હતા તેઓને ખૂબ હૂંફ અને સાંત્વના પ્રાપ્ત થઈ છે. અને ઘોઘારી લોહાણા સંદેશમા જણાવ્યું છે તેમ સ્વ. પૂ. ખીમજીબાપાના આત્માને આનંદ પહોંચે તેવું કાર્ય થયેલ છે.
અમરેલી જીલ્લામા કુદરતી આપત્તિ સમયે ખરા અર્થમાં શ્રી ઘોઘારી મહાજન મુંબઈ તેમજ ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટે જે ઉમદા ફરજ અદા કરેલ છે તે બદલ અમરેલી જીલ્લાના ચલાલા લોહાણા મહાજન વતી હૃદયથી ઋણ સ્વીકાર કરીએ છીએ અને તમામ ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કા.સદસ્યશ્રીઓ તેમજ નામી અનામી સૌનો આભાર વ્યક્ત કરીએ છીએ.

**શ્રી ચલાલા લોહાણા મહાજન**

❖ ❖ ❖ ❖

પ્રતિ,
પ્રમુખ શ્રી,
શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ, અંધેરી (પ.) મુંબઈ - ૫૮
આદરણીય,

શ્રી ઘોઘારી લોહાણા મહાજનના જ્ઞાતિજનો સુધી પહોંચવા માટે તેમજ જ્ઞાતિજનોમાં ભાતૃભાવ અને પ્રેમભાવના જાગૃત થાય આ ઉદ્દેશથી પોતાનું સ્વતંત્ર મુખપત્ર પ્રસિદ્ધ કરવાનો નિર્ણય પ્રશંસનીય છે તે મુજબ 'ઘોઘારી લોહાણા સંદેશ' અંક પ્રસિદ્ધ કરી ઉપરોક્ત સંસ્થાને મોકલેલ છે તે બદલ આભાર.

મુખપત્ર એક હરતા ફરતા મોબાઈલની ગરજ સારે છે.

આપનું મુખપત્ર 'ઘોઘારી લોહાણા સંદેશ' વધુમાં વધુ પ્રગતિ કરી જ્ઞાતિ હિતની પ્રવૃત્તિની સુગંધ પ્રસરાવી એક ધુપસળી જેવું કાર્ય કરી જ્ઞાતીનાં સભાસદોની ચાહના પ્રાપ્ત કરે એવી શુભેચ્છા.

**લી. ટ્રસ્ટી શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન ટ્રસ્ટ થાણા**

❖ ❖ ❖ ❖

જ્ઞાતિનું મુખપત્ર

જેમ વ્યક્તિની ઓળખ તેના નામથી થાય છે તેજ રીતે એક પ્રગતિશીલ અને સંવેદનશીલ સમાજ માટે તેનું મુખપત્ર એકનામ જેવું જ કામ કરે છે.

આજના જેટ યુગમાં જયાં વ્યક્તિને પોતાના માટે પણ સમય નથી મળતો ત્યાં તે સામાજીક જીવન માટે સમય કયાંથી કાઢે ? આવી પરિસ્થિતીમાં પોતાના સમાજનું મુખપત્ર ઘરેબેઠા વ્યક્તિને પોતાના સમાજના વિવિધ કાર્યક્રમ તથા અંગોની માહિતી પૂરી પાડી શકે છે. એક સારૂ મુખપત્ર સમાજનાં તમામ વર્ગોને સાંકળી લે છે અને

ઉપયોગી થાય છે જેમ કે સિનીયર સિટીઝનને માહિતી આપનારૂ, સ્ત્રીવર્ગ માટે ગૃહકાર્ય, પાક કલા, સંતાનોનાં ઉછેર તથા દુનિયામાં થઈ રહેલા ફેરફાર/ બદલાવની જાણકારી આપી શકે છે, યુવાવર્ગને ફેસબુક, ઈન્ટરનેટ તથા ડીજીટલ વર્લ્ડને અનોખું એવું મિત્રવત્ વાંચન સાહિત્ય પુરી પાડી શકે છે અને યુવાશક્તિને અનુરૂપ લેખન દ્વારા પ્રોત્સાહન આપી શકે છે. અને નાના બાળકોને પોતાના સમાજ પ્રત્યેનો અભિગમ કેળવવામાં અગત્યની ભૂમિકા ભજવી શકે છે આમ એક જ્ઞાતિમુખપત્ર, જ્ઞાતિને બહુઆયામી વિકાસ તથા ઉત્થાનમાં બહુમુલ્ય યોગદાન કરી શકે છે.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનને તથા તેમનાં સંનિષ્ઠ પદાધિકારીઓને પ્રથમ જ્ઞાતિ મુખપત્ર શરૂ કરવા બદલ ધન્યવાદ અને શુભકામના.

**એજ લિ. મનોજ પ્રવિણચંદ્ર સચદેવના**
**સર્વે જ્ઞાતિજનોને જયશ્રીકૃષ્ણ**

## ઘોઘારી લોહાણા સંદેશને આવકારવા અને અભિનંદન આપવા બદલ આભાર

**૧) શ્રી હિમાંશુભાઈ ઠક્કર - મંત્રી શ્રી - શ્રી લોહાણા મહાપરિષદ**
**૨) શ્રી પિયુષભાઈ ગંઠા - મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ઘો. લો. મહાજન-મુંબઈ**
**૩) શ્રી ડૉ. સુરેશભાઈ પોપટ - જો. મેને. ટ્રસ્ટી શ્રી ઘો.લો.મહાજન-મુંબઈ**
**૪) મીનાબેન પ્રકાશભાઈ ઠક્કર - ટ્રસ્ટી શ્રી ઘો. લો. મહાજન-મુંબઈ**
**૫) શ્રી મહેશભાઈ સામાણી - ટ્રસ્ટી શ્રી ઘો. લો. મહાજન-મુંબઈ**
**૬) શ્રીમતી પ્રજ્ઞાબેન મોરઝરીયા ટ્રસ્ટી શ્રી ઘો. લો. મહાજન-મુંબઈ**
**૭) શ્રી રમેશભાઈ આર. વસાણી - આર. આર. ઠક્કર (બોરીવલી)**
**૮) શ્રી ગીરીશભાઈ ડ્રેસવાલા - ટ્રસ્ટી ઋતુંભરા કોલેજ.**
**૯) શ્રી હર્ષિતભાઈ મીઠીયા - શ્રી લો. યુવક મંડળ-મુંબઈ (અંધેરી- પાલા)**
**૧૦) શ્રીમતી જ્યોતિબેન કીર્તીભાઈ ઠક્કર-શ્રી લો.યુ.મ. મુંબઈ અંધેરી પાર્લા)**
**૧૧) એ.ડી. રૂપારેલ - અમરેલી**
**૧૨) લોહાણા મહાજન - અમરેલી**
**૧૩) ચલાલા લોહાણા મહાજન - અમરેલી**
**૧૪) ધારી લોહાણા મહાજન - અમરેલી**
**૧૫) સાવરકુંડલા લોહાણા મહાજન - અમરેલી**
**૧૬) કુંકાવાવ લોહાણા મહાજન - અમરેલી**
**૧૭) ભાવનગર લોહાણા સમાજ - કોર કમીટી**
**વગેરેનો હાર્દિક આભાર.**

❖❖❖❖❖

**શ્રી ઘોઘારી લોહાણા મહાજનના સભ્યોના જે વિદ્યાર્થીઓ મેડીકલ કોલેજમાં ભણતા હોય તેમને પ્રથમ વર્ષ પાસ થયા પછી મહાજનશ્રીની શુભેચ્છા સાથે તેમની ડૉકટરોની કારકીર્દીના શ્રી ગણેશ કરવા તેમનું પ્રથમ સ્ટેથોસ્કોપ અને સ્ફીગ્નોમેનોમીટર (બી.પી.માપવાનું સાધન) આપવામાં આવશે.**

## શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા સમસ્ત લોહાણા જ્ઞાતિ દ્વિ દિવસીય પરિચય મિલન સમારોહનું ભવ્ય આયોજન

શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા શ્રી સુરેશભાઈ કાંતિલાલ કેસરિયાના અનન્ય સહયોગથી સમસ્ત લોહાણા જ્ઞાતિના લગ્નોત્સુક યુવક યુવતીઓનો દ્વિ દિવસીય પરિચય મિલન તા. ૨૧ નવેમ્બર ૨૦૧૫ શનિવાર અને તા. ૨૨ નવેમ્બર ૨૦૧૫ રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧.૦૦ અને બપોરે ૩.૦૦ કલાકથી ૭.૦૦ કલાકે બાળાશ્રમ પાર્ટી હોલ, મથુરાદાસ એક્ષ્ટેન્શન, માર્ગ, અતુલ ટાવર પાસે કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ-૬૭ મધ્યે મુંબઈના સર્વે મહાજનોના અનુમોદનથી આયોજન કરાયું છે.

વિવિધ વય ગ્રુપ અને અવિવાહિત, સગપણ તૂટેલ, છૂટાછેડા, વિધુર-વિધવા, શારિરીક ખોડખાપણ અને મોટી ઉંમર જેવા વિભાગ પ્રમાણે ત્રણ ત્રણ કલાકના સેશન રખાશે. સૌ અરજદારોને પૂરતો સમય અને પાત્ર પસંદગી માટે બહોળો અવકાશ મળે એ મુજબ અભ્યાસુ અને અનુભવી ખંતીલા કાર્યકરોની ટીમ કાર્યરત છે. ભાગ લેવા ઈચ્છુકે મહાજનશ્રી દ્વારા માન્ય રજીસ્ટ્રેશન ફોર્મ રૂા. ૫૦૦ ભરી બનતી ત્વરાએ ઠરાવેલ કેન્દ્રોમાં જમા કરાવવા. રજીસ્ટ્રેશન રકમમાં સવિસ્તૃત મલ્ટીકલર પરિચય માહિતી પુસ્તક, ઉમેદવાર સાથે એક વડિલ માટે ફુડ કુપન અને ફંકશન એન્ટ્રી પાસ અપાશે. એકસ્ટ્રા પાસ મહેમાન દીઠ રૂા. ૨૫૦ પ્રત્યેક જણ દીઠ અલગ આપવાના રહેશે. રજીસ્ટ્રેશન ફોર્મ મેળવવા અને વધુ માહિતી માટે કાર્યક્રમ સંયોજક શ્રી રાજેન્દ્ર જવેરીલાલ ઠક્કર, મો.નં. ૯૨૨૩૩૨૭૮૩૮, સહ સંયોજક શ્રી દિનેશ કેશવજી ઠક્કર, મો. ન. ૯૩૨૧૩૩૨૦૧૩, સક્રીય સહયોગ શ્રીમતી નિધિબેન જોબનપુત્રા મો.નં.: ૯૨૨૪૩૬૩૭૩૯ તથા શ્રી રાજેન્દ્ર ગોપાલજી ઠક્કર મો.નં. ૯૩૨૩૮૨૩૩૧૭ નો સંપર્ક કરવો.

સહયોગી શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ, પાલીરામ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૮. ફોન : ૦૨૨-૨૬૨૮૩૭૧૫/ ૯૯૮૭૨૪૦૪૦૪.

❖❖❖❖❖

## ખાસ નોંધ

**આપણા મહાજનશ્રીના ઓડિટ કરેલા હિસાબો વેબસાઈટ ઉપર મુકવામાં આવ્યા છે. તેની નોંધ લેવા વિનંતી. આ ઉપરાંત કોઈને હિસાબો જોવા હશે તો મહાજનશ્રીની અંધેરી ઓફિસ ખાતે તા. ૩૦.૧૦.૨૦૧૫ સુધી બપોરે ૩ થી ૫ વચ્ચે જોઈ શકાશે.**

**- મંત્રીશ્રી**

## વૃધ્ધો બોલે છે પ્રભુ હવે મને બોલાવી દે !

✍ વસંતભાઈ ઉનડકટ

### શું કામ પ્રભુએ આપેલા દિવ્ય જીવનને ભક્તિના સત્સંગના રંગે રંગતા નથી ?

ઘડપણએ જીવનની અનિવાર્ય પરિસ્થિતિ છે. ઘડપણ તો આવવાનું જ છે. આજકાલ આધુનિક ટેકનોલોજીની કારણે વય મર્યાદા લગભગ સીત્તેર પહોંચી છે. જીવન છે તો ઘડપણ છે. પ્રભુએ માનવને કેવું દિવ્ય જીવન આપ્યું છે. ઘડપણનો તો માણસે મહોત્સવ ઉજવવાની જરૂર છે. ઘડપણ કોણે મોકલ્યું ભાઈ હવે સંભળાતું નથી. મારૂ કોઈ ઘરમાં સાંભળતું નથી. હવે મારૂ શું થશે ? આવા નિહાકા પ્રભુને ગમે ? તમોને આ પૃથ્વી ઉપર પ્રભુએ મોકલ્યા ત્યારે કેવો આનંદ ઘરમાં થયો હતો. બધા બાબો આવ્યો બાબો આવ્યો કહી નંદ મહોત્સવ ઉજવતા હતા. હવે જતા જતા અંતિમ યાત્રામાં લોકો તમારો ઉત્સવ ઉજવે તેવુ દિવ્ય જીવન જીવોને ભાઈ.

પ્રભુને તો નિજ આનંદ કરતો અને પ્રભુના ગુણલા ગાતો માનવ ગમે છે.

હવે મને પ્રભુ બોલાવી લે, હું કંટાળી ગયો છું !

આવા નિહાકા એ પ્રભુનું અપમાન છે. મૃત્યુને મંગલમય બનાવીએ.

એક ને એક દિવસ બધાએ પ્રભુને ઘેર જવાનું છે. પ્રત્યેક માનવીને એકસપાયર કેમ થવાય ? પ્રભુને ગમે તેવાં રૂડા કામ કરી લઈએ જેની ઘેર અંતે જવાનું છે તેને વ્હાલા થઈ જઈએ. એ આપણને હરખથી વ્હાલથી બોલાવે તેવા કામ કરી લઈએ. માનવ થઈને જ જનમ્યા તો માનવ બનીએ. માનવદેહમાં હોઈએ ત્યાં સુધી કોઈના ખપમાં આવી જીવનને દીપાવીએ !

કટાઈને મરવા કરતાં ઘસાઈને ઉજળા બનીને મરીએ. નિવૃત્તીમાં આપણને ગમે તેવી પ્રવૃતિ કરીએ. પેનશન સરકારે આપ્યું છે તે ભલે આર્થિક હોય પ્રભુએ આપેલા ૬૦ વર્ષ પછીનાં વર્ષોનું જીવન પેનશનનો ઉપયોગ કરીએ. યાત્રા કરી લઈએ, હરિને મળવાનું દ્વાર હરિદ્વાર છે તેના દર્શન કરી લઈએ. ભાગવત સપ્તાહોમાં ધ્યાન આપીએ. પ્રભુને મળવા રોજ દેવાલયોમાં જઈને મોંઘી જિંદગી આપવા બદલ આભાર માની લઈએ. જેથી મોક્ષ થઈ જાય.

મૃત્યુ પછી આ માનવ દેહ રાખ થઈ નકામો થઈ જશે. આ રાખને કોઈ અડકશે નહિ. પુત્રો મિલકતની વહેંચણીમાં પડી જવાના. પત્ની આખર બારણા સુધી આવજો કહેવા આવવાની માટે સેવાનું નિમિત બનીએ.

જે જીવનને મૂલ્ય નિષ્ઠા ધ્યેય નિષ્ઠા આપી દેહને શણગારીએ !

મિષ્ટાનનો જમણવાર તમારી પાછળના સ્વજનો કદાચ કરશે. પણ જીવતા જીવે સદ્‌કાર્યોના મિષ્ટાનનો જમણવાર કરતા જઈએ. સદ્‌ગત આત્માના મૃત્યુ પાછળ ગાયના પૂછડે પાણી પીવડાવવા કરતાં ગૌ સેવા કરીએ.

રક્તદાન, દેહદાન, કીડનીદાન, અન્નદાન, પુસ્તકોનું દાન કરી માનવ દેહને સાર્થક બનાવીએ.

પરમાત્મા સાથે સંબંધ રાખવાથી જીવન અને મરણ સુધરે છે. જીવનો જગત સાથે સંબંધ કાચો છે. પરમાત્મા સાથે સંબંધ કાયમી સાથેનો છે. મારા પછી શું થશે ? આવો ભ્રમ કાઢી નાખો. જગત અને સંસાર છે. ચાલવાનો, કોઈના વિના આ સંસાર અટકવાનો નથી.

જન્મ થયો ત્યારે કોઈ આપણું ક્યાં હતું પછી જ પુત્રો આવ્યા ને ભાઈ !

જીવનની અંતિમ ક્ષણોમાં મન પ્રભુને ત્યાં પહોંચી જાય તેવું જીવન જીવો. મરતા પહેલાં વેર અને વાસનાને ભૂલો. મરણને મંગલમય બનાવવા પ્રભુ સિવાય આપણો આરો ક્યાં છે ?

કમનસીબે આજે સંયુક્ત પરિવારોમાં કુટુંબના વડલા નીચે જે વ્યક્તિઓ કિલ્લોલ કરતી હસતી તે ભાવના ઔદ્યોગિક યુગમાં લુપ્ત બની છે. આજે વૃદ્ધો કોઈને ગમતા નથી ભાઈ. તમારે ગમાડીને શું કામ છે.

વડીલોએ જિંદગીના અંતિમસીડીનાં પગથિયાં યાદ રાખવા જેવાં છે. (૧) સંતાનો ન પૂછે ત્યાં સુધી સલાહ આપશો નહિ. આજે શિખામણો કોઈને ગમતી નથી. (૨) તમારી મિલ્કત બંગલો, ગાડી, ડીપોઝીટો, જીવતાં જીવે કોઈને આપશો નહિ. આખરી વ્યવસ્થા માટે વસિયત નામું અવશ્ય કરવું. (૩) માનસિક શાંતિ કેળવવી, ધાર્મિક પુસ્તકોને મિત્ર બનાવો. (૪) ઘરમાં કચકચ કરવી નહીં. તેલ, તળેલું, મીઠું, જંક ફુડ ત્યજો (૫) નિવૃત્તિ એટલે મનગમતી પ્રવૃત્તિ. (૬) ઘરડો થયો છું એવું માનવુ જ નહિં. ભલે શરીર ઘરડું બન્યું. મનને યુવાન રાખો.

નિવૃતિ એ જીવનનો બદલાવ છે. વૃધ્ધ થતાં શીખવું પડશે. વૃધ્ધ થયા રોગો આવવાના જ. યુવાનીમાં જીભના ચટકા કર્યા હવે જીભને થોડો આરામ આપીએ. ચટકા, મટકા, ખોટા દુઃખ પહોંચાડશે.

કાનમાં બહેરાશ, ઓછું દેખાય, હાથ ધ્રુજે, લાળ પડવાની, જીભ થોથવવાની હિંમત રાખી ઉપાય કરો. મારા ભાઈઓ ! નિહાકા ના નાખો.

તમારા નિહાકા સાંભળવાનો ક્યાં સમય છે ?

✣ ✣ ✣ ✣ ✣

### સવિશેષ નોંધઃ

- આપણા મહાજન ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ કુટુંબો માટે આર્થિક સહાય, શૈક્ષણિક સહાય તેમજ તબિબિ સહાયનું પણ કાર્ય પણ નવી કમિટિના નેજા હેઠળ ચાલુ છે.
- વસ્તીપત્રકમાં નવા નામો નોંધાવવા માટેના ફોર્મ અંધેરીની મહાજનવાડીમાં ઉપલબ્ધ છે.


## With Best Compliments From

# Khimji Bhagwandas Arogya Bhavan

### Centralised location for Pilgrims & Tourists



Khimji Bhagwandas Arogya Bhavan is strategically located on the banks of the holi river, in Panchavati. This place is known for pilgrimage & has significant religious significance for Hindus with a temple complex on the bend of the Godavari River, which includes Kalaram Temple.



Driving distance from highway ( Dwarka Naka) is approx 10min.

Profit if any earned from this Arogya Bhavan is utilised for Charity Purpose

## Key feature

* 14 Air conditioned rooms with attached bathroom with hot & cold water.
* 2 Air conditioned Banquet Halls measuring about 4000 sq. ft. each
* Room charges per day – Rs. 3000/- plus taxes for 2 pax which include complimentary Breakfast, Lunch, evening tea & dinner.
* Extra person in Room Rs. 500/- plus taxes for per pax which include complimentary Breakfast, Lunch, evening tea & dinner ( maxi. 2 person)
* Room for Lohana Community – Rs. 1500/- plus taxes per day for 2 pax which include complimentary Breakfast, Lunch, evening tea & dinner.

**For information & reservation**

Sardar Chowk, Muthe Gali, Panchvati, Nasik - 422003

Tel : +91 253 2512724 / 2510426, +91 8928289929 Fax : +91 253 2512724

Email ID : khimjibhagwandas@gmail.com Web : www.khimjibhagwandascharitytrust.org


# શ્રી લોહાણા મહાપરિષદમાં આપની નિમણુંક થવા બદલ હાર્દિક અભિનંદન



શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી
(સલાહકાર)



શ્રી પિયુષભાઈ ગંઠા
(મંત્રીશ્રી)



શ્રી નિતિનભાઈ પાંધી
(ખજાનચી)




શ્રીમતી રશ્મીબેન વિઠલાણી
(મુંબઈ-મહારાષ્ટ્ર વિભાગીય મહિલા અધ્યક્ષ)



શ્રી જીતુભાઈ ઠક્કર (નાસીક)
મુંબઈ-મહારાષ્ટ્ર વિભાગીય
ઉપપ્રમુખ



શ્રી શંભુભાઈ હરીયાણી
મુંબઈ-મહારાષ્ટ્ર વિભાગીય
મંત્રી



ડૉ. શ્રી સુરેશ પોપટ
મુંબઈ-મહારાષ્ટ્ર વિભાગીય
પી.આર.ઓ.



શ્રી ભરત દાનાણી
મુંબઈ-મહારાષ્ટ્ર વિભાગીય
પ્રભારી



શ્રી નિખીલ સુબા
મુંબઈ-મહારાષ્ટ્ર વિભાગીય
યુવાધ્યક્ષ

## શ્રી ઘોઘારી લોહાણા મહાજન - મુંબઈ
## શ્રી ઘોઘારી લોહાણા મહાજન ચેરીટેબલ ટ્રસ્ટ
## શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ

Posting Date 13 th of every 3 month
Posted At Mumbai Patrika Channel Shorting
Office Mumbai-400 001 on Dt. 13-10-2015

To,

From :

**Shree Ghoghari Lohana Mahajan - Mumbai**
Lohana Bhavan, Paliram Road,
Andheri (West), Mumbai - 400058.

On behalf of Shree Ghoghari Lohana Mahajan - Mumbai Printed & Published by Shri Satish Dhirajlal Vithalani & Edited by Ashtakant Harilal Suchak & Printed at Lohana Hitechhu Pvt. 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018, Ph. : 2492 0810 & Published at Lohana Bhavan, Paliram Road, Andheri (West), Mumbai - 400058.